ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મંગળવાર ૩૦ જુન, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!





## ખંતીલુ ખમીરવંતુ ખમતીધર ખંભાત તાલુકાનું ગામ ખટનાલ

## આઝાદી પહેલાં નવાબ સરકારની હુકુમતમાં આવતા ખટનાલ ગામના લોકોની જીવનશૈલી સામાન્ય રહી હતી

ખંભાત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ દૂરના અંતરે વસેલું બિલકુલ છેવાડાનુ ગામ ખટનાલ છે. ખંભાત અને બોરસદની સરહદ ધરાવતા ગામ વટાદરાથી માત્ર ચારેક કિલોમીટરના અંતરે આવેલું ખટનાલ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. તાલુકા મથક ખંભાતથી થી ૧૨ કિલોમીટર અને જીલ્લા મથક આણંદથી ૪૫ કિલોમીટરના અંતરે આવેલ ગામ ખટનાલ ખુબ ઓછી જનસંખ્યા ધરાવતા ગામમાં મોખરાનું ગામ છે.





ખટનાલ ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા બે દાયકાથી ખટનાલ ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે.

**ગામના લોકોની દિઘદ્રષ્ટીના કારણે સ્થાનિક કક્ષાએ આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે ઉમદા પ્રયત્નો કરવામાં આવે છે**

ગામમાં પાણીની સુવિધા માટે વાસ્મો યોજના હેઠળ વોટર વર્કસ અને સમગ્ર ગામમાં ઘરે ઘરે નળ સુવિધા થકી પાણીની સુવિધા ઉપલબ્ધ થયેલી છે. વાસ્મો યોજના હેઠળ લોકફાળો દ્વારા માતબર રકમની ગ્રાન્ટ લોકહિત માટે ઉપયોગ કરવામાં આવી છે.

આઝાદી પહેલા આ ગામ નવાબ સરકારની હકુમતમાં આવતું હતું. તત્કાલીન સમયે બહુ જ ઓછી વસ્તી ધરાવતા વેરાન વગડા જેવા વિસ્તારમાં સૌથી પહેલા સાતસો વર્ષ અગાઉ પડાવ નાખી વસવાટ કર્યો હતો. ગામમાં મોટાભાગે સ્થાનિક લોકો સામાન્ય જીવન શૈલીનુ જીવન જીવતા હતા. સમયાંતરે બદલાવ આવતો હતો. પરંતુ દેશ આઝાદ થયા બાદ સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના થયા બાદ ગામના લોકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થવા પામી હતી. વર્તમાન સમયમાં આશરે લગભગ ત્રણ હજારની વસ્તી ધરાવતા ગામમાં ડોડિયા, ચૌહાણ, મહીડા, પઢીયાર, વાઘેલા, ગોહેલ, પાટણવાડીયા ઠાકોર, પરમાર, પટેલ, શાહ, પ્રજાપતિ, ગોસાઇ, રબારી, સુથાર, દેવીપૂજક વણકર રોહિત વાલ્મિકી વગેરે સમાજના લોકો અહીંયા હળી મળીને સંપીને રહે છે.. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ખટનાલ ગામતળ વિસ્તારમાં વસવાટ કરતા લોકો ઉપરાંત સીમાડા વિસ્તારમાં પણ લોકોનો વસવાટ છે. ગામના વિસ્તાર ખુબ મોટા પ્રમાણમાં વિસ્તરે છે. નારણપુરા જીતપુરા વિસ્તાર આવેલ છે . તમામ વિસ્તારમાં સ્થાનિક કક્ષાએ પ્રાથમિક શિક્ષણ માટે શાળાઓ અને આંગણવાડીઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ ખટનાલ ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે. ગામની ભાગોળે મોટું તળાવ છે. તળાવને કાંઠે મંદિર છે. મંદિરની પાસે વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘર છે. ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ મળે છે.

## ગામમાંસામાજિકસમરસતાઅનેસાંસ્કૃતિકએકતાનીઅનોખીપરંપરા

ખંભાત તાલુકાના ખટનાલ ગામમાં સામાજિક એકતા, ધાર્મિક સહિષ્ણુતા અને સાંસ્કૃતિક સમરસતાનું સુંદર દ્રશ્ય જોવા મળે છે. ગામમાં વર્ષોથી વિવિધ જ્ઞાતિ, ધર્મ, સમાજ અને સંપ્રદાયના લોકો પરસ્પર પ્રેમ, વિશ્વાસ અને ભાઈચારાની ભાવના સાથે વસવાટ કરી રહ્યા છે. પ્રારંભકાળથી જ અહીં વિવિધ સમુદાયોના લોકો એક પરિવારની જેમ રહીને ગામના વિકાસ અને સામાજિક મૂલ્યોને જાળવવામાં સહભાગી બન્યા છે. ગામમાં ઉજવાતા દરેક ધાર્મિક અને સામાજિક તહેવારો દરમિયાન તમામ સમાજના લોકો એક છત્રછાયા હેઠળ જોડાઈને ઉત્સાહભેર ભાગ લે છે. હિંદુ, મુસ્લિમ સહિત વિવિધ સમાજના લોકો એકબીજાના તહેવારોમાં સહભાગી બની શુભેચ્છાઓ પાઠવે છે અને પરસ્પર સહયોગની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. ગામના મંદિરો, ધાર્મિક સ્થળો તેમજ જાહેર કાર્યક્રમોમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણ સર્જાતું હોવાથી સામાજિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પડે છે. ગામમાં યોજાતા મેળા, ઉત્સવો, ધાર્મિક કાર્યક્રમો અને અન્ય સામાજિક પ્રસંગોમાં દરેક ગ્રામજન "ગામ એક પરિવાર"ની ભાવના સાથે જોડાઈને આયોજનને સફળ બનાવે છે. પરસ્પર સહકાર, બિનસાંપ્રદાયિક વિચારસરણી અને સંસ્કૃતિ પ્રત્યેનો આદર ખટનાલ ગામની આગવી ઓળખ બની ગયો છે. આ સમરસતા માત્ર તહેવારો પૂરતી સીમિત નથી, પરંતુ રોજિંદા જીવનમાં પણ ગ્રામજનો એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી બની આદર્શ ગ્રામ્ય સંસ્કૃતિનું જીવંત ઉદાહરણ રજૂ કરે છે.

**'ગામ એક પરિવાર'ની ભાવનાથીદરેકતહેવારની સૌહાર્દપૂર્ણ ઉજવણી થતી હોવાથી સામાજિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પડે છે**



## ખટનાલ ટાઉન ટોક

### -: ખટનાલ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 824 |
| કુલ વસ્તી | 3791 |
| કુલ પુરૂષો | 1993 |
| કુલ સ્ત્રીઓ | 1798 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 83.44 |
| પુરૂષ સાક્ષરતા દર | 89.61 |
| સ્ત્રી સાક્ષરતા દર | 76.61 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 429 |
| ખેત મજૂર | 884 |
| સીમાંત વર્ગ | 78 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 89 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 307 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 3080 |
| ગાય | 1990 |
| ભેંસ | 1044 |
| અન્ય | 46 |

### -: જમીન ક્ષેત્રફળ :-

591 હેક્ટર 86 આરે 20 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 06 હેક્ટર 73 આરે 03 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 289 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 815

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 752 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 06 |
| ખેતી વિષયક જોડાણ | 33 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 309

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 61 |
| BPL કાર્ડ ધારકો | 95 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 15 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 12 |
| વિધવા સહાય | 45 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિઓ | 02 |